## -:નમુનો-અ:-

**માતરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.માતર.**
**ચુકાદાની તારીખ : ૨૨/૦૮/૨૦૨૩**
**ફોજદારી કેસ નં : ૬૫૩/૨૦૨૨**
**આંક-**

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ઈ. પી. કો. કલમ- ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.૧૧૨૦૪૦૩૩૨૨૦૦૩૭/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | લીંબાસી, તા.માતર. જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપીપક્ષ | (૧) વિમલભાઈ રતિલાલ રોહિત<br>(૨) દિનેશભાઈ ઉર્ફે જીગ્નેશભાઈ શનાભાઈ રોહીત<br>(૩) રતીલાલ ગોવિંદભાઈ રોહીત<br>(૪) શનાભાઈ ગોવિંદભાઈ રોહીત<br>(૫) કમલેશભાઈ શનાભાઈ રોહીત |
| રજુઆત | વિ.વ.શ્રી આઈ.એ.મલેક |

## -:નમુનો-બ:-

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૫/૦૪/૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૬/૦૪/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૧૧/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૩ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૮/૨૦૨૩ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | વિમલભાઈ રતિલાલ રોહિત | ૧૮/૦૪/૨૨ | ૨૨/૦૪/૨૨ | ઈ.પી.કો. કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫(૧) | નિર્દોષ | - | - |
| ૦૨ | દિનેશભાઈ ઉર્ફે જીગ્નેશભાઈ શનાભાઈ રોહીત | ૧૮/૦૪/૨૨ | ૨૨/૦૪/૨૨ | ઈ.પી.કો. કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫(૧) | નિર્દોષ | - | - |
| ૦૩ | રતિલાલ ગોવિંદભાઈ રોહીત | ૨૭/૦૪/૨૨ | ૨૭/૦૪/૨૨ | ઈ.પી.કો. કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫(૧) | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૪ | શનાભાઈ ગોવિંદભાઈ રોહીત | ૨૭/૦૪/૨૨ | ૨૭/૦૪/૨૨ | ઈ.પી.કો. કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫(૧) | નિર્દોષ | – | – |
| ૦૫ | કમલેશભાઈ શનાભાઈ રોહીત | ૧૮/૦૪/૨૨ | ૨૨/૦૪/૨૨ | ઈ.પી.કો. કલમ-૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫(૧) | નિર્દોષ | – | – |

## :: નમુનો ક ::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.નં.૧ | સંજયભાઈ પ્રભુદાસભાઈ | ફરિયાદી |
| ફ.સા.નં.૨ | ઝવેરબેન દાનાભાઈ | સાહેદ |
| ફ.સા.નં.૩ | પ્રભુદાસભાઈ મકનભાઈ | સાહેદ |
| ફ.સા.નં.૪ | અલ્કાબેન સંજયભાઈ | સાહેદ |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ.ફરિયાદપક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | સંજયભાઈ પ્રભુદાસભાઈની જુબાની. |
| ૨. | ૧૩ | ફરિયાદ. |
| ૩. | ૧૪ | ઝવેરબેન દાનાભાઈની જુબાની. |
| ૪. | ૧૫ | પ્રભુદાસભાઈ મકનભાઈની જુબાની. |

| | | |
|---|---|---|
| ૫. | ૧૬ | અલ્કાબેન સંજયભાઈની જુબાની. |
| ૬. | ૧૭ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| ૭. | ૧૮ | પંચનામું. |
| ૮. | ૧૯ | હોસ્પિટલનું સર્ટી. |
| ૯. | ૨૦ | હોસ્પિટલનું સર્ટી. |
| ૧૦. | ૨૧ | જાહેરનામું. |

## :: જ જ મે ન્ટ ::

## (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા.૧૫/૦૪/૨૦૨૨ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે મોજે માલાવાડા ગામે રોહીતવાસ આરોપીએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીશ્રીને ગમે તેમ ગાળો બોલી મારક હથીયારો સાથે હુમલો કરી જેમાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને માથાના ભાગે પાવડો મારી ઈજા કરી તેમજ આરોપી નં.૨ નાઓએ લોખંડની પાઈપથી ફરીયાદીના જમણા હાથની આંગળીઓમાં ઈજા કરી ફ્રેકચર કરી તથા નં.૩, ૪, ૫ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી તમામ આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જિલ્લા મેજી. સા. ખેડા નડીયાદનાઓના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી આ કામના ફરીયાદીએ લીંબાસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :-**

આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૦ અન્વયે આરોપીઓને ગુના અંગેની સમજ કરી, આંક-૪ થી આરોપી તહોમતનામું ફરમાવી, તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવીને આરોપીઓનો આંક-૫ થી ૯ સુધી ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીઓએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

**(૩). બચાવ પક્ષનો પુરાવો:-**

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદ પક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૪) દલીલો:**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદ્દાઓ ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫/૦૪/૨૦૨૨ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે મોજે માલાવાડા ગામે રોહીતવાસ આરોપીએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીશ્રીને ગમે તેમ ગાળો બોલી મારક હથીયારો સાથે હુમલો કરી જેમાં આરોપી નં.૧ નાએ ફરીયાદીને માથાના ભાગે પાવડો મારી ઈજા કરી તેમજ આરોપી નં.ર નાઓએ લોખંડની પાઈપથી ફરીયાદીના જમણા હાથની આંગળીઓમાં ઈજા કરી ફ્રેકચર કરી તથા નં.૩, ૪, ૫ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટૃનો માર મારી તમામ આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જિલ્લા મેજી. સા. ખેડા નડીયાદનાઓના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરતા ઈ.પી.કો.કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૭) કા ર ણો**

(૭.૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી ફરીયાદી સંજયભાઈ પ્રભુદાસભાઈ નાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૧ વર્ષ અગાઉ સાંજના સમયે તેમના ઘર પાસે બનેલો. બનાવ સમયે તે ઘરે હતો. તેમની બાજુમાં રહેતા તેમના કાકી ઝવેરબેન તેમનું મકાન બનતુ હોય ચોકમાં પડેલ રેતી તે વખતે આરોપીઓ સાથે બોલાચાલી થતી હતી. તેથી તેઓ ઘરની બહાર નીકળેલ. એ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે. જેને આંક–૧૩ આપવામાં આવેલ છે.

આમ સદર ફરીયાદીએ આંક–૧૪ થી રજુ ફરીયાદને અનુરુપ પુરાવો ન આપતા વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો મળી આવેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેઓને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે.

(૭.૨) આંક–૧૪ થી સાહેદ ઝવેરબેન દાનાભાઈનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૧ વર્ષ અગાઉ સાંજના સમયે તેમના ઘર પાસે બનેલો. બનાવ સમયે તેમનું મકાન બનતુ હોય ચોકમાં રેતી પડેલ હતી. તે વખતે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી. તેથી તે વખતે સંજયભાઈ ઘરની બહાર નીકળેલ અને તેઓને પણ આરોપીઓ સાથે

સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ સદર સાહેદ તેઓએ આપેલ પોલીસ રૂબરૂના નિવેદન મુજબ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, અત્રેની કોર્ટ બહાર રાજીખુશી થી સમાધાન થઈ ગયેલ છે.

(૭.૩) આંક–૧૫ થી સાહેદ પ્રભુદાસભાઈ મકનભાઈનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૧ વર્ષ અગાઉ સાંજના સમયે તેમના ઘર પાસે બનેલો. બનાવ સમયે ઝવેરબેનનુ મકાન બનતુ હોય ચોકમાં રેતી પડેલ હતી. તે વખતે આ કાામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી. તેથી તે વખતે સંજયભાઈ ઘરની બહાર નીકળેલ અને તેઓને પણ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ સદર સાહેદ તેઓએ આપેલ પોલીસ રૂબરૂના નિવેદન મુજબ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, અત્રેની કોર્ટ બહાર રાજીખુશી થી સમાધાન થઈ ગયેલ છે.

(૭.૪) આંક–૧૬ થી સાહેદ અલ્કાબેન સંજયભાઈનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીથી સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ૧ વર્ષ અગાઉ સાંજના સમયે તેમના ઘર પાસે બનેલો. બનાવ સમયે ઝવેરબેનનુ મકાન બનતુ હોય ચોકમાં રેતી પડેલ હતી. તે વખતે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી. તેથી તે વખતે સંજયભાઈ ઘરની બહાર નીકળેલ અને તેઓને પણ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ સદર સાહેદ તેઓએ આપેલ પોલીસ રૂબરૂના નિવેદન મુજબ પુરાવો જુબાનીમાં ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટતપાસ કરવા છતાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, અત્રેની કોર્ટ બહાર રાજીખુશી થી સમાધાન થઈ ગયેલ છે.

૮. આમ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો ઘ્યાને લેતા આંક–૧૨ થી ફરીયાદી સંજયભાઈ પ્રભુદાસભાઈ, આંક–૧૪ થી સાહેદ ઝવેરબેન દાનાભાઈ, આંક–૧૫ થી સાહેદ પ્રભુદાસભાઈ મકનભાઈ, આંક–૧૬ થી સાહેદ અલ્કાબેન સંજયભાઈનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે તેઓને અત્રેની કોર્ટ બહાર રાજી ખુશીથી સમાધાન થઈ ગયેલ છે. આમ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર થઈ શકેલ નથી. વધુમાં આ કામે આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૧૮ થી પંચનામું, આંક–૧૯ તથા

૨૦ થી મેડીકલ સર્ટી, આંક–૨૧ થી જાહેરનામું રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાને સમર્થન મળે તે અંગેનો કોઈ જ પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા નથી તેમજ ફરીયાદપક્ષ તરફે સદર દસ્તાવેજી પુરાવાના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ થયેલ નથી. જેથી સદર દસ્તાવેજી પુરાવાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૨ થી કોઈ વિશેષ પુરાવો રજુ કરવા ન માંગતા હોઈ તે અંગેનું પુરાવા બંધનું પુરશીસ આપેલ છે. ઉપરોકત તમામ કારણો ચર્ચા અને હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો ફરમાવું છું.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી (૧) વિમલભાઈ રતિલાલ રોહિત (૨) દિનેશભાઈ ઉર્ફે જીગ્નેશભાઈ શનાભાઈ રોહીત (૩) રતીલાલ ગોવિંદભાઈ રોહીત (૪) શનાભાઈ ગોવિંદભાઈ રોહીત (૫) કમલેશભાઈ શનાભાઈ રોહીતનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) વંચાણે લેતાં આરોપીએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાના છ મહિના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૨ મી, માહે. ઓગસ્ટ, સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૮/૨૦૨૩
માતર.

**(પારુલ ધનખડ)**
**જ્યુડી. મેજી. ફ.ક., માતર.**
**જી.જે.૦૧૬૭૧**

કે.એ.આઝાદ (ગુજ.સ્ટેનો.)